To

BSE Limited

Phiroze Jeejeebhoy Towers,

Dalal Street, Fort,

Mumbai- 400001

BSE Scrip Code: 524202

Sub: Intimation under Regulation 47(3) of the SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015.

Pursuant to Regulation 47(3) read with Regulation 30 of the Securities and Exchange Board of India (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015, Please find enclosed newspaper cutting of Public Notice published in the Newspapers viz. – Financial Express (in English) and Vadodara Samachar (in Gujarati), which includes the following information:

1. Intimation of 35th Annual General Meeting (AGM) of our Company scheduled to be held on Wednesday, 30th September 2026 at 12:00 noon will be held through electronic mode (Video Conferencing ("VC") / Other Audio-Visual Means ("OAVM").

2. Intimation for Book Closure Date from Thursday, 24th September 2026 to Wednesday, 30th September 2026 (both days inclusive) and

3. Particulars of voting facility offered to the Members.

The said copies of newspaper advertisement are also available on website of the Company i.e. www.lactoseindialimited.com

Thanking you,

For Lactose (India) Limited

RITESHKUMA
R PANDEY

Digitally signed by RITESHKUMAR PANDEY
Date: 2026.09.08 12:47:46 +05'30'

Ritesh Pandey

Company Secretary & Compliance Officer

Mem No. A45942

Date: 08th September, 2026

Place: Mumbai

₹૨૦,૭૦૩ કરોડના ખર્ચે વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરના ત્રણ વિભાગો (૧) ન્યૂ સાણંદ (N)—ન્યૂ મકરપુરા (૧૩૮ કિ.મી.) (૨) ન્યૂ ઉમરગામ—ન્યૂ સફાળે (૮૯ કિ.મી.) અને (3) ન્યૂ સફાળે—ન્યૂ JNPT (૧૦૨ કિ.મી.)નું લોકાર્પણ કરાશે

વડાપ્રધાનના હસ્તે કેન્દ્રના ૩૨,૬૦૬ કરોડના, રાજ્ય સરકારના ₹ ૨,૫૯૭ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત થશે

● અમદાવાદ તા. ૭

કેન્દ્ર સરકારના ₹૩૨,૬૦૬ કરોડથી વધુના વિકાસ કાર્યોમાં NHAI-નેશનલ હાઈવેઝ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના ₹૧,૮૪૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સ સામેલ

₹૮,૮૮૫ કરોડના ખર્ચે વડોદરા-રતલામ વચ્ચે ૨૫૯ કિ.મી. લાંબા ત્રીજા અને ચોથા રેલવે ટ્રેકના નિર્માણનું ખાતમુહૂર્ત કરાશે

₹૫૨૩.૫૯ કરોડના ખર્ચે વડોદરા રિંગ રોડના બીજા તબક્કાના નિર્માણનું ખાતમુહૂર્ત, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની નવી કચેરીના નિર્માણનું પણ ખાતમુહૂર્ત

શહેરી વિકાસ વિભાગ હેઠળ ગુજરાતને કુલ ₹૯૧૬.૩૮ કરોડના ખર્ચે ૮ જેટલા પ્રોજેક્ટ્સની ભેટ મળશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ૮મી, સપ્ટેમ્બરે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ દરમિયાન તેઓ વડોદરાના યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે યોજાનારા કાર્યક્રમમાં ₹૩૫,૨૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને ફ્લેગ ઑફ કરશે. તેમાં ₹૩૨,૬૦૬ કરોડથી વધુના કેન્દ્ર સરકારના તથા ₹૨,૫૯૭ કરોડથી વધુના રાજ્ય સરકારના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે. વડોદરા બાદ વડાપ્રધાન મોદી નવસારીની પણ મુલાકાત લેશે. વડાપ્રધાનના હસ્તે કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. કેન્દ્ર સરકારના ₹૩૨,૬૦૬ કરોડથી વધુના વિકાસ કાર્યોમાં નેશનલ હાઈવેઝ ઑથોરિટી ઑફ ઈન્ડિયા (NHAI)ના ₹૧,૮૪૦.૫૫ કરોડના પ્રોજેક્ટ્સ સામેલ છે.

NHAI હેઠળ ખાતમુહૂર્ત થનારા પ્રોજેક્ટ્સમાં NH-48ના વડોદરા-સુરત સેક્શનમાં તાપી અને નર્મદા નદી પરના મુખ્ય પુલ સહિતના માળખાંનું ₹૯૦૭.૩૯ કરોડના ખર્ચે નિર્માણકાર્ય, કામરેજ-ચલથાણ સેક્શનના છ માર્ગીય કેરેજવેનું ₹૬૯૮૯.૧૫ કરોડનું કામ તથા NH-53 પર આભવા, મીંઢોળા અને ખજોદ જંકશન ખાતે ગ્રેડ સેપરેટેડ સ્ટ્રક્ચર્સનું ₹૧૮૭.૧૧ કરોડના ખર્ચે નિર્માણકાર્યનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, NH-48 પર કંડારી ચોકડી અને લુવારા પાટિયા ખાતે ₹૫૯.૯૦ કરોડના ખર્ચે નિર્મિત છ માર્ગીય ફ્લાયઓવરનું લોકાર્પણ કરવામાં આવશે. ભારતીય રેલવે હેઠળ ₹૩૦,૭૬૬ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત થશે. રુપિયા ₹૨૦,૭૦૩ કરોડના ખર્ચે વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર (WDFC)ના ત્રણ વિભાગો (૧) ન્યૂ સાણંદ (N)—ન્યૂ મકરપુરા (૧૩૮ કિ.મી.) (૨) ન્યૂ ઉમરગામ—ન્યૂ સફાળે (૮૯ કિ.મી.) અને (૩) ન્યૂ સફાળે—ન્યૂ JNPT (૧૦૨ કિ.મી.)નું લોકાર્પણ કરવામાં આવશે. સાથે જ, ₹૮,૮૮૫ કરોડના ખર્ચે વડોદરા-રતલામ વચ્ચે ૨૫૯ કિ.મી. લાંબા ત્રીજા અને ચોથા રેલવે ટ્રેકના નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ ઉપરાંત, અન્ય રેલવે લાઈનોના ગેજ કન્વર્ઝન અને ડબલિંગના કામોનું લોકાર્પણ તેમજ વડોદરા-ટાંડા રોડ વચ્ચે નવી ટ્રેન અને WDFC પર માલગાડીનું ફ્લેગ ઑફ પણ કરવામાં આવશે.

ગુજરાત સરકારના ₹૨,૫૯૭ કરોડથી વધુના વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાશે

વડોદરા ખાતે ગુજરાત સરકારના ₹૨,૫૯૭ કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ પ્રોજેક્ટ્સમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગૃહ વિભાગ, IMD-GIDC, પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ (RDD), પોર્ટ્સ અને ટ્રાન્સપોર્ટ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, શહેરી વિકાસ વિભાગ તથા પાણી પુરવઠા વિભાગ હેઠળના વિવિધ વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. શહેરી વિકાસ વિભાગ હેઠળ ગુજરાતને કુલ ₹૯૧૬.૩૮ કરોડના ખર્ચે ૮ જેટલા પ્રોજેક્ટ્સની ભેટ મળશે. તેમાં ₹૫૨૩.૫૯ કરોડના ખર્ચે વડોદરા રિંગ રોડના બીજા તબક્કાના નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની નવી કચેરીના નિર્માણનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવશે.

વુડાની હદમાં ક્યા કામોનું લોકાર્પણ કરાશે?

વડાપ્રધાન, VUDA-વુડાની હદમાં પૂર્વ વિસ્તારનાં ૧૧ ગામો માટે ₹૨૦૩.૭૭ કરોડના ખર્ચે ફિલ્ટર પ્લાન્ટ, પાણીની ટાંકી, પાઈપલાઈન, વિતરણ વ્યવસ્થા, અંડરગ્રાઉન્ડ સમ્પ તથા પમ્પિંગ સ્ટેશન સહિતની વિવિધ માળખાકીય સુવિધાઓનું લોકાર્પણ કરશે. સાથે જ, ભાયલી ટી.પી.-૩ અને ટી.પી.-૪ વિસ્તારોમાં એલિવેટેડ ટાંકી, અંડરગ્રાઉન્ડ સમ્પ, ફીડર લાઈન અને પમ્પિંગ મશીનરી સહિતની સુવિધાઓ, આજવા સરોવર ખાતે ૧૫૦ MLD ક્ષમતાના પોન્ટૂનનું નિર્માણ, વડોદરા શહેરના વિવિધ જંક્શનો ખાતે સ્ટોર્મ વોટર ડ્રેનેજની સુવિધા તથા PMAY હેઠળ EWS આવાસો જેવા વિવિધ વિકાસકાર્યોનું પણ લોકાર્પણ કરવામાં આવશે.

૨૨મીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ૭૨મો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ યોજાશે

● અમદાવાદ,તા.૭

નર્મદા જિલ્લાના વૈશ્વિક પ્રવાસન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર ખાતે ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર-૨૦૨૪નો ભવ્ય સમારોહ ૨૨મી, સપ્ટેમ્બરે યોજાશે. રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારના ૭૦ વર્ષથી વધુના ઈતિહાસમાં પ્રથમ વખત દિલ્હીની બહાર આ પ્રતિષ્ઠિત સમારોહનું આયોજન ગુજરાતમાં થઈ રહ્યું છે. જે ગુજરાત અને નર્મદા જિલ્લા માટે વિશેષ ગૌરવની ક્ષણ બની રહેશે. ભારતીય સિનેમા જગતમાં ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર પ્રતિભાઓને સન્માનિત કરતા આ રાષ્ટ્રીય સમારોહમાં કુલ ૯૨ પુરસ્કાર વિજેતાઓને સન્માનિત કરાશે. ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે આશરે ૭૫ મિનિટના ભવ્ય સમારોહમાં પુરસ્કારો એનાયત કરવામાં આવશે.

રાષ્ટ્રીય કક્ષાના આ પ્રતિષ્ઠિત કાર્યક્રમ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી બસ-બે એરિયા ખાતે જર્મન એલ્યુમિનિયમ સ્ટ્રક્ચરલ ડોમ તૈયાર કરવામાં આવશે. કાર્યક્રમ સ્થળે અંદાજે ૧,૦૦૦ મહેમાનોની બેઠક ક્ષમતા સાથે જરૂરી માળખાકીય અને અન્ય વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવશે.

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર જેવા અતિ મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમના આયોજન માટે નર્મદા જિલ્લા કલેક્ટર ગંગા સિંઘની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. જેમાં કાર્યક્રમની વ્યવસ્થા, સુરક્ષા, પ્રોટોકોલ, મહાનુભાવોના આગમન-પ્રસ્થાન, સ્થળ વ્યવસ્થા તેમજ અન્ય આનુષંગિક તૈયારીઓ અંગે વિગતવાર ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રાષ્ટ્રપતિની ઉપસ્થિતિ, ભારતીય સિનેમા જગતની પ્રતિષ્ઠિત પ્રતિભાઓની હાજરી અને સ્ટેચ્યુ ઓફ યુનિટીની વૈશ્વિક ઓળખ—આ ત્રણેયના સંગમથી કેવડિયામાં યોજાનાર આ સમારોહ યાદગાર અને ઐતિહાસિક બની રહેશે. આ ઐતિહાસિક કાર્યક્રમને ભવ્યતા, શિસ્ત અને સંપૂર્ણ ગરિમા સાથે સફળ બનાવવા માટે ગુજરાત સરકાર અને નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંકલિત આયોજન સાથે તૈયારીઓ કરવામાં આવી રહી છે.

વડોદરામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'NaMo4Viksit Bha®a' કાર્યક્રમ માટે એક કલાકમાં ૬,૦૦૦થી વધુ પાસ બુક થયા

● વડોદરા, તા. ૭

પ્રથમ વખત ખાનગી પ્લેટફોર્મ મારફતે સરકારી કાર્યક્રમ માટે ડિજિટલ પ્રી-બુકિંગ થયું, ક્યુઆર કોડ આધારિત પ્રવેશ માટે અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરાયો.

વડોદરામાં યોજાનારા 'NaMo4Viksit Bha®a' કાર્યક્રમને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. બુકમાયશો મારફતે રજિસ્ટ્રેશન શરૂ થયાના એક કલાકની અંદર ૬,૦૦૦થી વધુ પાસ બુક થઈ ગયા હતા. ઉપલબ્ધ તમામ પાસ બુક થઈ ગયા બાદ રજિસ્ટ્રેશન પ્રક્રિયા બંધ કરી દેવામાં આવી હતી, જ્યારે આશરે ૧૫,૦૦૦ અન્ય અરજદારોને વેઈટિંગ લિસ્ટમાં મૂકવામાં આવ્યા છે.

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પેવેલિયન ખાતે ૮ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ કાર્યક્રમને સંબોધશે. કાર્યક્રમમાં અદ્યતન ટેક્નોલોજી આધારિત ડિજિટલ રજિસ્ટ્રેશન અને પ્રવેશ વ્યવસ્થાનો ઉપયોગ કરવામાં આવશે. આ પહેલની વિશેષતા એ પણ છે કે પ્રથમ વખત કોઈ સરકારી કાર્યક્રમ માટે ખાનગી ડિજિટલ પ્લેટફોર્મ મારફતે મફત પ્રી-બુકિંગની સુવિધા આપવામાં આવી છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (વીએમસી) દ્વારા રજિસ્ટ્રેશન પ્રક્રિયા માટે બુકમાયશો પ્લેટફોર્મનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

કાર્યક્રમ માટેની સમગ્ર રજિસ્ટ્રેશન પ્રક્રિયા તેમજ સ્થળ પર પ્રવેશની વ્યવસ્થા ડિજિટલ રીતે કરવામાં આવી રહી છે. પાત્ર ઠરનારા સહભાગીઓને ઈમેલ અને મોબાઈલ મારફતે ખાસ રજિસ્ટ્રેશન લિંક આપવામાં આવી હતી. ત્યારબાદ તેમણે પોતાનું નામ, મોબાઈલ નંબર, ફોટોગ્રાફ અને સરકાર દ્વારા જારી કરવામાં આવેલ ઓળખપત્રની વિગતો આપીને ઓનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી હતી.

વિગતો આપ્યા બાદ તેની ચકાસણી કરવામાં આવશે અને રજિસ્ટર્ડ સહભાગીઓને તેમના બુકમાયશો એકાઉન્ટ મારફતે ડિજિટલ એમ-ટિકિટ મળશે. આ એમ-ટિકિટમાં સુરક્ષિત અને લાઈવ ક્યુઆર કોડ હશે, જેનો ઉપયોગ કાર્યક્રમ સ્થળે પ્રવેશ સમયે ચકાસણી માટે કરવામાં આવશે. કાર્યક્રમ માટે કોઈ પણ પ્રકારની ફિઝિકલ ટિકિટ આપવામાં આવશે નહીં.

સહભાગીઓએ પોતાની એમ-ટિકિટ સાથે સરકાર દ્વારા જારી કરવામાં આવેલ માન્ય ફોટો ઓળખપત્ર રજૂ કરવું પડશે. ક્યુઆર કોડની ચકાસણી અને સુરક્ષા તપાસ બાદ જ પ્રવેશ આપવામાં આવશે. આ વ્યવસ્થાનો હેતુ ચકાસણીની પ્રક્રિયાને ઝડપી બનાવવાનો તેમજ કાર્યક્રમ સ્થળે સહભાગીઓની અવરજવર સહજ રીતે થઈ શકે તે સુનિશ્ચિત કરવાનો છે.

વડાપ્રધાનશ્રીના વડોદરા પ્રવાસ પૂર્વે ૯૫ ગામોમાં સઘન વૃક્ષારોપણ અભિયાન

'સ્વચ્છ, હરિયાળું અને પર્યાવરણમૈત્રી વડોદરા'ના સંકલ્પ સાથે ફોરેસ્ટ વિભાગ દ્વારા લોકભાગીદારીથી વૃક્ષારોપણ અને રોપાઓના જતન પર ભાર

● વડોદરા, તા. ૭

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગામી તા. ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના વડોદરા પ્રવાસના અનુસંધાને જિલ્લા પ્રશાસન દ્વારા વિશેષ સેવા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં હરિયાળું, સ્વચ્છ અને પર્યાવરણમૈત્રી વાતાવરણ ઊભું કરવાના હેતુથી ફોરેસ્ટ વિભાગ દ્વારા અંદાજે ૯૫ ગામોમાં સઘન વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. અભિયાન અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં ઉપલબ્ધ સરકારી જમીનો, રસ્તાની આસપાસના વિસ્તારો, શાળા-આંગણવાડી પરિસરો, તળાવો તથા જળાશયોની આસપાસ અને અન્ય યોગ્ય સ્થળોએ વિવિધ પ્રજાતિના વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. સ્થાનિક જરૂરિયાત અને સ્થળની અનુકૂળતા મુજબ વૃક્ષારોપણ કરી ગ્રામ્ય વિસ્તારોમાં હરિયાળી વધારવા માટે આયોજનબદ્ધ કામગીરી કરવામાં આવી હતી. વૃક્ષારોપણ સાથે વાવેતર કરાયેલા રોપાઓના જતન અને સંરક્ષણને પણ અભિયાનમાં મહત્વ આપવામાં આવ્યું હતું. રોપાઓને નિયમિત પાણી મળી રહે તેમજ તેમનો યોગ્ય રીતે ઉછેર થાય તે માટે પાણી વ્યવસ્થા અને સંભાળની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વાવેલા વૃક્ષોનું જતન સુનિશ્ચિત કરીને લાંબા ગાળે હરિયાળીનું સંવર્ધન થાય તે દિશામાં વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. ફોરેસ્ટ વિભાગ દ્વારા ગ્રામ પંચાયતો, સ્થાનિક સંસ્થાઓ અને ગ્રામજનોના સહયોગથી વૃક્ષારોપણ અભિયાનને લોકભાગીદારી સાથે જોડવામાં આવ્યું હતું. વૃક્ષોના સંરક્ષણ, ઉછેર અને પર્યાવરણ જાળવણી અંગે ગ્રામજનોમાં જનજાગૃતિ કેળવવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ રીતે વૃક્ષારોપણને માત્ર વાવેતર પૂરતું સીમિત ન રાખી તેના જતનને પણ સામૂહિક જવાબદારી સાથે જોડવામાં આવ્યું હતું.

આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય વિસ્તારોમાં હરિયાળી વધારવા સાથે પર્યાવરણીય સંતુલન જાળવવાનો, સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણનું નિર્માણ કરવાનો તથા ભાવિ પેઢી માટે વધુ સારા પર્યાવરણનું નિર્માણ કરવાનો હતો. વૃક્ષારોપણ અને તેના જતન દ્વારા ગ્રામ્ય વિસ્તારોના પર્યાવરણને વધુ સમૃદ્ધ અને સુદૃઢ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી હતી. સમગ્ર અભિયાન દ્વારા વૃક્ષ વાવો — વૃક્ષ બચાવો અને હરિયાળું વડોદરા બનાવો'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં જિલ્લા પ્રશાસન અને ફોરેસ્ટ વિભાગ દ્વારા સઘન કામગીરી કરવામાં આવી હતી. વડાપ્રધાનશ્રીના વડોદરા પ્રવાસના અનુસંધાને યોજાયેલા આ વિશેષ સેવા અભિયાનથી સ્વચ્છતા, હરિયાળી, પર્યાવરણ સંરક્ષણ અને લોકભાગીદારીનો સંદેશ ગ્રામ્ય વિસ્તારો સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

રૂ. ૪.૫૧ કરોડના ખર્ચે યાત્રિકોની સુવિધાઓમાં વધારો; પિતૃકાર્ય માટે આવતા શ્રદ્ધાળુઓને મળશે વધુ સુવિધા, સેવાસેતુ કેમ્પનો પણ નાગરિકોએ લીધો લાભ

વડાપ્રધાનશ્રીના સ્વાગત પૂર્વે માંડવા—ચાંદોદ ખાતે સ્વચ્છતા સે સ્વાગત અભિયાન અને વિકાસકાર્યોનું લોકાર્પણ

● વડોદરા, તા.૭

વડોદરા શહેરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગમનને અનુલક્ષીને માંડવા—ચાંદોદ ખાતે 'સ્વચ્છતા સે સ્વાગત' અભિયાન અંતર્ગત સ્વચ્છતા કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સ્વચ્છતા અભિયાનમાં ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ મહેતા સહભાગી બન્યા હતા. સ્વચ્છ અને સુંદર પરિસર દ્વારા વડાપ્રધાનશ્રીનું સ્વાગત કરવાની ભાવના સાથે સ્થાનિક આગેવાનો તથા નાગરિકોએ પણ ઉત્સાહપૂર્વક સહભાગિતા નોંધાવી હતી.

આ પ્રસંગે પવિત્ર નર્મદા નદીના કિનારે યાત્રિકોની સુવિધામાં વધારો થાય તે હેતુથી વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂ. ૪.૫૧ કરોડના ખર્ચે આકાર પામેલા વિકાસકાર્યોમાં ચેન્જીંગ રૂમ, રેલિંગ, આરસીસી રોડ, પાર્કિંગ, પાથવે, ફૂડ કોર્ટ તથા શૌચાલય સહિતની સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સુવિધાઓ ઉપલબ્ધ થતાં પવિત્ર નર્મદા કિનારે પિતૃ કાર્ય સહિત ધાર્મિક વિધિઓ માટે આવતા યાત્રિકો અને શ્રદ્ધાળુઓને વધુ સુવિધા અને સહુલિયત પ્રાપ્ત થશે. યાત્રિકોની સુવિધા, સ્વચ્છતા અને સુવ્યવસ્થિત પરિસર નિર્માણ તરફ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલા આ પ્રયાસથી ચાંદોદ-માંડવા વિસ્તારના ધાર્મિક અને યાત્રાધામ તરીકેના વિકાસને પણ વેગ મળશે. વિકાસકાર્યોના લોકાર્પણ સાથે સેવાસેતુ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં વિવિધ સરકારી સેવાઓ અને જનકલ્યાણલક્ષી યોજનાઓ અંગે માર્ગદર્શન તથા સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, જેનો સ્થાનિક નાગરિકોએ લાભ લીધો હતો. સેવાસેતુના માધ્યમથી સરકારની સેવાઓ નાગરિકોના ઘરઆંગણે પહોંચે તે દિશામાં કામગીરી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ પ્રસંગે પ્રાંત અધિકારી શ્રી સાગર મોવલિયા, તાલુકા વિકાસ અધિકારી શ્રી તેજલબા રાણા, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ભીખીબેન રબારી, ચાંદોદના સરપંચ શ્રી દીપ્તિબેન, માંડવાના સરપંચ શ્રી અલ્પેશભાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ સ્વચ્છતા અભિયાન તથા વિકાસકાર્યોમાં સહભાગી બની નાગરિકોને સ્વચ્છતા જાળવવા અને જાહેર સુવિધાઓનો સુયોગ્ય ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

"IMPORTANT"

Whilst care is taken prior to acceptance of advertising copy, it is not possible to verify its contents. The Indian Express (P) Limited cannot be held responsible for such contents, nor for any loss or damage incurred as a result of transactions with companies, associations or individuals advertising in its newspapers or Publications. We therefore recommend that readers make necessary inquiries before sending any monies or entering into any agreements with advertisers or otherwise acting on an advertisement in any manner whatsoever.